# યમાલની કમાલ, સ્પેને સાઉદી અરેબિયાને 4-0થી કચડ્યું

**ચમાલે** પોતાની પ્રથમ વર્લ્ડકપ મેચમાં જ 10મી મિનિટે ગોલ કરીને સ્પેનને શાનદાર શરૂઆત અપાવી

**પહેલી** મેચમાં ગોલ ન કરી શકેલા ઓયારઝાબેલ બે ગોલ કરવાની સાથે યમાલના ગોલમાં સહાયક પણ બન્યો



એટલાન્ટા, તા. 22 : ફૂટબોલના સૌથી મોટા મંચ વર્લ્ડકપમાં પોતાની પ્રથમ મેચ રમી રહેલા 18 વર્ષના સુપરસ્ટાર ફોરવર્ડ લેમિન યમાલે મેચની 10મી મિનિટે જ ગોલ ફટકારી દીધો તેની સાથે જ સ્પેને રવિવારે રાત્રે એટલાન્ટામાં રમાયેલી મેચમાં સાઉદી અરેબિયાને 4-0થી કચડી નાખીને પોતાના અભિયાનની ધમાકેદાર શરૂઆત કરી છે.

યમાલ નીચા ક્રોસ પાસને ગોલપોસ્ટમાં ધકેલીને ગોલ કરનાર વર્લ્ડકપ ઈતિહાસનો આઠમો સૌથી યુવા ખેલાડી બની ગયો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ ગોલથી સ્પેનની ટીમનું દબાણ હળવું થયું હતું, કારણ કે યુરોપિયન ચેમ્પિયન સ્પેનને તેની પ્રથમ મેચમાં કેપ વર્ડે સામે 0-0 થી આશ્ચર્યજનક ડ્રો રમવી પડી હતી.

કેપ વર્ડે સામેની પહેલી મેચમાં યમાલ બીજા હાફમાં સબસ્ટિટ્યુટ તરીકે આવ્યો હતો, પરંતુ સાઉદી અરેબિયા સામે તેને શરૂઆતથી જ મેદાનમાં ઉતારવામાં આવ્યો અને તેણે તરત જ પોતાનો પ્રભાવ બતાવ્યો. મિકેલ ઓયારઝાબલના ક્રોસ પાસ પર ગોલ કરતા પહેલા જ તેણે સાઉદીના ડિફેન્સને ઘણી વખત હંફાવ્યું હતું.

2010માં વર્લ્ડકપ જીત્યા પછી ક્યારેય 'રાઉન્ડ ઓફ 16' થી આગળ ન વધી શકેલું સ્પેન દરમિયાન માત્ર ૩ મેચ જ જીતી શક્યું હતું. પરંતુ યમાલના આ પહેલા ગોલ પછી પહેલા હાફમાં જ ગોલની ધનાધની થઈ હતી. પ્રથમ મેચમાં ટીકાઓનો ભોગ બનેલા મિકેલ ઓયારઝાબલે ન માત્ર યમાલને ગોલ કરવામાં મદદ કરી, પરંતુ 21મી અને 24મી મિનિટે પોતે બે શાનદાર ગોલ કરીને સ્પેનને 3-0ની સરસાઇ અપાવી દીધી.

સ્પેનની પકડ એટલી મજબૂત હતી કે કોચ ડે લા ફુએન્ટે હાફ-ટાઈમમાં જ પોતાના બંને મુખ્ય સ્કોરર્સ યમાલ અને ઓયારઝાબલને આરામ આપવા માટે મેદાનમાંથી બહાર બોલાવી લીધા હતા. બીજા હાફની શરૂઆતની ચોથી મિનિટમાં જ માર્ક કુકુરેલાના શોટથી બોલ સાઉદીના હસન અલ્તામબાક્તિ સાથે અથડાઈને 'ઓન ગોલ' થતા સ્પેનની સરસાઇ 4-0 થઈ ગઈ જે મેચના અંત સુધી અકબંધ રહી. મેચ બાદ યમાલે કહ્યું, પહેલી મેચમાં અમે અમારી અસલી લયમાં નહોતા, તે અલગ હતું. પરંતુ હવે અમે ફોર્મમાં આવી ગયા છીએ અને આગળ હજુ વધુ સારું પ્રદર્શન કરીશું.

### લેમિન યમાલ વર્લ્ડકપ ઇતિહાસમાં ઓપનીંગ ગોલ કરનારો બીજો સૌથી યુવા ખેલાડી બન્યો

ફિટનેસ સમસ્યાઓના કારણે પહેલી મેચમાં બેન્ચ પર બેસેલા લેમિન યમાલને સાઉદી અરેબિયા સામે શરૂઆતની પ્લેઈંગ ઇલેવનમાં સામેલ કરાયા પછી તેણે મેચ શરૂ થયાની પ્રથમ ૧૦ મિનિટમાં ગોલ કરીને સ્પેનને 1-0ની લીડ અપાવી. આ ગોલ સાથે, તે વર્લ્ડકપના ઇતિહાસમાં ઓપનિંગ ગોલ કરનાર બીજો સૌથી યુવા ખેલાડી બન્યો. આ પહેલા સૌથી નાની વયે ઓપનીંગ ગોલ કરવાની સિદ્ધિ બ્રાઝિલના દિગ્ગજ ફૂટબોલર પેલેના નામે હતી, જેમણે 1958માં 17 વર્ષની ઉંમરે વેલ્સ સામે ઓપનીંગ ગોલ કર્યો હતો.

### ફિફા વર્લ્ડકપ 2026માં આજની મેચો

| હરીફ ટીમો | તારીખ | સમય (ભારતીય) |
|---|---|---|
| નોર્વે vs સેનેગલ | 23 જૂન | વહેલી સવારે 5.30 વાગ્યે |
| જોર્ડન vs અલ્જીરિયા | 23 જૂન | સવારે 8.30 વાગ્યે |
| પોર્ટુગલ vs ઉઝબેકિસ્તાન | 23 જૂન | રાત્રે 10.30 વાગ્યે |
| ઈંગ્લેન્ડ vs ઘાના | 23 જૂન | મોડી રાત્રે 1.30 વાગ્યે |

# 10 ખેલાડીઓ સાથે રમતા બેલ્જિયમ સામે પણ ઈરાન જીતી ન શક્યું

**ઇરાનના** ગોલકીપરે બેલ્જિયમના સાત શોટને સેવ કર્યા પણ ઇરાની ટીમે બેલ્જિયમને હરાવવાની સુવર્ણ તક ગુમાવી

**બીજા** હાફમાં એન્ગોયેને રેડકાર્ડ બતાવાયા પછી 10 ખેલાડીઓ સાથે રમવા છતાં બેલ્જિયમે ઇરાનને ગોલ કરવા ન દીધો



ઈંગલવુડ, તા. 22 : ફિફા વર્લ્ડકપમાં ગઇકાલે રવિવારે મોડી રાત્રે રમાયેલી એક મેચમાં ઇરાનના ગોલકીપર અલીરેઝા બેઇરાનવાન્ડેનું શાનદાર પ્રદર્શન અને બીજા હાફમાં બેલ્જિયમની ટીમ 10 ખેલાડી સુધી સિમિત થવા છતાં ઇરાન મેચ 0-0થી ડ્રો કરવા સિવાય કંઇ કરી શક્યું નહોતું. ઈરાનના ગોલકીપર સાત શોટ સેવ કર્યા હતા.

મેચની 66મી મિનિટે બેલ્જિયમના ડિફેન્ડર નાથન એન્ગોયને સીધું 'રેડ કાર્ડ' બતાવવામાં આવ્યું હતું. એન્ગોયે બોલને પાછળ ધકેલવામાં ભૂલ કર્યા પછી ઈરાનના સ્ટાર ખેલાડી મેહદી તારેમીને ગોલ કરવાની સ્પષ્ટ તકથી રોકવા માટે ફાઉલ કર્યો હતો. જોકે, ઈરાન આ તકનો ફાયદો ઉઠાવી શક્યું ન હતું. બીજી તરફ, 10 ખેલાડીઓ હોવા છતાં બેલ્જિયમે મેચના અંતિમ સમયમાં ગોલ કરવાની વધુ સારી તકો ઊભી કરી હતી. આ ડ્રો સાથે, બંને ટીમોએ ગ્રુપ સ્ટેજમાં સતત બીજી ડ્રો હાથ લાગી છે. આ પરિણામથી સોફી સ્ટેડિયમમાં રમી રહેલી બંનેમાંથી એક પણ ટીમ ખુશ નહીં હોય. ફીફા રેન્કિંગમાં 10મા ક્રમે રહેલા બેલ્જિયમ જેવા મજબૂત દેશને હરાવવાની સુવર્ણ તક ઈરાને ગુમાવી દીધી, જેનો તેમને અફસોસ રહેશે.

### ઇરાન ફિફા વર્લ્ડકપમાં 60 વર્ષ પછી સૌથી વધુ વય ધરાવતી ટીમ બની

લોસ એન્જેલસના સોફી સ્ટેડિયમમાં આજે બેલ્જિયમ સામેની ફિફા વર્લ્ડકપની મેચમાં ઉતરીને ઇરાનની ટીમે એક અલગ ઇતિહાસ રચ્યો હતો. બેલ્જિયમ સામે મેદાનમાં ઉતરનાર ઈરાન 1966 પછીના વર્લ્ડકપના ઇતિહાસમાં સૌથી વધુ વય ધરાવતી ટીમ બની. આ મેચમાં ઈરાની શરૂઆતની ઇલેવનની સરેરાશ ઉંમર 32 વર્ષ અને 181 દિવસ હતી. આ અનુભવી અને સિનિયર ટીમે સમગ્ર મેચ દરમિયાન બેલ્જિયમના અવિરત હુમલાઓ અને દબાણને નિષ્ફળ બનાવીને પોતાના અનુભવનું શાનદાર પ્રદર્શન કરી મેચ 0-0થી ડ્રો કરી હતી.

### બેલ્જિયમની ટીમ આ વર્લ્ડકપની બે મેચમાં એક પણ ગોલ કરી શકી નથી

સ્ટાર ખેલાડીઓથી સજ્જ બેલ્જિયમની ટીમ આ વર્લ્ડ કપની બે મેચમાં હજી સુધી પોતાની તરફથી એક પણ ગોલ કરી શકી નથી. ઈજીપ્ત સામેની પ્રથમ મેચમાં પણ તેમને 'ઓન ગોલ' (સામેની ટીમની ભૂલથી થયેલો ગોલ) ના કારણે પોઈન્ટ મળ્યો હતો. બેલ્જિયમ તેની છેલ્લી 15 સ્પર્ધાત્મક મેચોમાં અજેય રહ્યું છે, પરંતુ વર્લ્ડ કપમાં સતત 53 શોટ મારવા છતાં તે ગોલ કરી શક્યું નથી. આ સિલસિલો ચાર વર્ષ પહેલાં કતારમાં રમાયેલા વર્લ્ડ કપના ખરાબ પ્રદર્શનથી ચાલી રહ્યો છે.

# કેપ વર્ડેએ વધુ એક વર્લ્ડ ચેમ્પિયન ઉરુગ્વે સામે ડ્રો રમી

**કેપ** વર્ડેએ ટુર્નામેન્ટનો પોતાનો પહેલો ગોલ કરવાની સાથે ઉરુગ્વે સામેની મેચ 2-2થી ડ્રો કરી

**ઉરુગ્વે** સાથે ગ્રુપમાં બરાબરી પર બેસેલા કેપ વર્ડે પાસે નોકઆઉટમાં પ્રવેશવાની સુવર્ણ તક



મિયામી ગાર્ડન્સ તા. 22 : ફિફા વર્લ્ડકપમાં પોતાની પ્રથમ મેચમાં જ ખિતાબના દાવેદાર સ્પેનને સ્તબ્ધ કરી દેનારા કેપ વર્ડેએ તેનું જાદુઇ પ્રદર્શન ચાલુ રાખીને રવિવારે અહીં બે વખતના વર્લ્ડકપ ચેમ્પિયન ઉરુગ્વે સામે તે જ સિદ્ધિનું પુનરાવર્તન કરીને પહેલા હાફમાં 2-1થી પાછળ રહ્યા પછી જોરદાર વાપસી કરીને મેચ 2-2થી ડ્રો કરી હતી.

કેવિન પિનાએ 21મી મિનિટે ફ્રી કિક વડે કેપ વર્ડેનો વર્લ્ડ કપમાં પહેલો ગોલ કર્યો, જ્યારે હેલિયો વારેલાએ 61મી મિનિટે બરાબરી કરી હતી. પહેલા હાફના અંતમાં મેક્સી અરાઉજોએ 44મી અને ઓગસ્ટિન કેનોબિયોએ ઇન્જરી ટાઇમની છઠ્ઠી મિનિટે ગોલ કરીને ઉરુગ્વેને 2-1ની સરસાઇ અપાવી હતી, પરંતુ બીજા હાફમાં તકો મળવા છતાં ટીમ તેને ગોલમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ રહી. કેપ વર્ડે પાસે નોકઆઉટ તબક્કામાં સ્થાન મેળવવાની સુવર્ણ તક છે. તેઓ હવે ગ્રુપ Hમાં ઉરુગ્વે સાથે બે પોઈન્ટની બરાબરી પર છે અને તેમની અંતિમ મેચ સાઉદી અરેબિયા સામે રમશે.

રવિવારની મેચ દરમિયાન મિયામી સ્ટેડિયમમાં ઉરુગ્વે માટે મોટી સંખ્યામાં ચાહકોના નારાઓથી કેપ વર્ડેના ખેલાડીઓ સ્હેજ પણ ચિંતિત જણાયા નહોતા. તેમની શરૂઆતની મેચમાં સ્પેન સાથે ગોલરહિત ડ્રો રમનારા કેપ વર્ડેએ ઉરુગ્વે સામે પણ આશાસ્પદ શરૂઆત કરી હતી. પીનાએ ઉરુગ્વેના ડિફેન્સમાં છીંડા પાડીને 21મી મિનિટે એક શક્તિશાળી શોટ મારીને તેની ટીમને 1-0ની સરસાઇ અપાવી.

કેપ વર્ડેના કોચ પેડ્રો લીટાઓ બ્રિટોએ જણાવ્યું કે અમે સાબિત કરવા માંગીએ છીએ કે કોઈ દેશ નાનો હોઈ શકે છે, આર્થિક રીતે સંઘર્ષ કરી શકે છે, પરંતુ જો તેઓ સ્થિતિસ્થાપક હોય, જો તેઓ લડી શકે, તો તેઓ અન્ય મુખ્ય ટીમો અને ખેલાડીઓ સાથે ખભા મિલાવીને ઊભા રહી શકે છે જે એક અલગ સ્તર પર છે.

# ડોપિંગ ટેસ્ટના ઈનકાર બદલ વોન્ડ્રોસોવા પર 4 વર્ષનો પ્રતિબંધ

**પૂર્વ** વિમ્બલડન ચેમ્પિયન વોન્ડ્રોસોવાએ પોતાના બચાવમાં માનસિક તણાવ અને ડરનો હવાલો આપ્યો



લંડન, તા. 22 : માજી વિમ્બલડન ચેમ્પિયન માર્કેટા વોન્ડ્રોસોવા પર એન્ટી-ડોપિંગ ટેસ્ટ કરાવવાનો ઈનકાર કરવા બદલ સોમવારે ચાર વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, આ ચેક ખેલાડીએ બચાવમાં માનસિક તણાવ અને ડરનો હવાલો આપ્યો હતો. તેણે જણાવ્યું હતું કે જ્યારે ટેસ્ટિંગ એજન્ટે રાત્રે મોડેથી પોતાની સાચી ઓળખ આપ્યા વિના મારા ઘરની ઘંટડી વગાડી ત્યારે હું ડરી ગઈ હતી.

ઈન્ટરનેશનલ ટેનિસ ઈન્ટિગ્રિટી એજન્સી (ITIA) એ આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, વોન્ડ્રોસોવાએ ગયા ડિસેમ્બરમાં ટેસ્ટ આપવાનો ઈનકાર કર્યો હતો અને એક સ્વતંત્ર ટ્રિબ્યુનલ (અદાલત) દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. વોન્ડ્રોસોવા 2023ની ટાઈટલ મેચમાં ઓન્સ જેબુરને હરાવીને વિમ્બલ્ડનની પ્રથમ અનસીડેડ મહિલા ચેમ્પિયન બની હતી. તે જ વર્ષે તે કારકિર્દીના સર્વોચ્ચ છઠ્ઠા ક્રમે પહોંચી હતી.

26 વર્ષીય વોન્ડ્રોસોવાએ એપ્રિલમાં એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ ચૂકી ગયેલા ટેસ્ટ અંગે વિગતવાર પ્રતિક્રિયા આપી હતી. વોન્ડ્રોસોવાએ જણાવ્યું હતું કે મારા માટે આ વિશે વાત કરવી ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ હું મારા માનસિક સ્વાસ્થ્ય અંગે તમારી સાથે પારદર્શક રહેવા માંગુ છું. તાજેતરની ડોપિંગ કંટ્રોલની ઘટના એટલા માટે બની કારણ કે મહિનાઓના શારીરિક અને માનસિક તણાવ પછી હું ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી.

ITIA એ જણાવ્યું હતું કે 3 ડિસેમ્બર 2025 ના રોજ રાત્રે અંદાજે 8 વાગ્યે વોન્ડ્રોસોવાએ તેમના ઘરે આઉટ-ઓફ-કોમ્પિટિશ ટેસ્ટના પ્રયાસ દરમિયાન ડોપિંગ કંટ્રોલ ઓફિસર દ્વારા સૂચિત કરવામાં આવ્યા હોવા છતાં સેમ્પલ આપ્યું ન હતું.

# ઈજિપ્તે ન્યુઝીલેન્ડને 3-1થી હરાવીને પ્રથમ વર્લ્ડકપ જીત નોંધાવી

**ઇજીપ્ત** વતી મુસ્તફા ઝિકો, મહંમદ સાલાહ અને ટ્રેઝેગ્યુએટે એક એક ગોલ કર્યો, ન્યૂજીલેન્ડ વતી સુરમેને ગોલ કર્યો



વાનકુવર, તા. 22 : સ્ટાર સ્ટ્રાઈકર મોહમ્મદ સલાહે સમયસર નિર્ણાયક ગોલ કરતાં ઈજિપ્તે રવિવારે અહીં ન્યુઝીલેન્ડને 3-1થી હરાવીને પોતાનો પ્રથમ વર્લ્ડકપ વિજય નોંધાવ્યો. 67મી મિનિટે પોતાનો 68મો ઈન્ટરનેશનલ ગોલ કર્યા પછી, સલાહે હવામાં મુઠ્ઠીઓ ઉછાળીને ઉજવણી કરી, જેનાથી બીસી પ્લેસ વાનકુવરના ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં રોમાંચ છવાઈ ગયો.

આ જીત સાથે, ઈજિપ્ત ગ્રુપ G માં ટોચ પર પહોંચી ગયું છે, પરંતુ નોકઆઉટ રાઉન્ડમાં તેનું સ્થાન હજુ સુધી નિશ્ચિત નથી. ઈજિપ્ત શુક્રવારે સિએટલમાં ઈરાન સામે નિર્ણાયક મેચ રમશે, આગળ વધવા માટે ઓછામાં ઓછો ડ્રો રમવી જરૂરી છે. ઈજિપ્ત ચાર વર્ષ પહેલાં કતારમાં રમાયેલા વર્લ્ડકપમાં રમી શક્યું ન હતું. આ તેમનો વર્લ્ડકપમાં ચોથો દેખાવ છે. રશિયામાં 2018ના વર્લ્ડકપમાં સલાહે બે ગોલ કર્યા હતા.

આ મેચમાં ફિન સુરમેને 15મી મિનિટે ટિમ પેનના કોર્નર કિકથી હેડરથી ન્યુઝીલેન્ડને સરસાઇ અપાવી પરંતુ તે તેને જાળવી શક્યું ન હતું. રમતની 35મી મિનિટે, ઓમર માર્મોશે સલાહને ફ્રી કિક આપી, પરંતુ તે ગોલની બહાર અને સાઇડ નેટિંગમાં ગઈ. 58મી મિનિટમાં મુસ્તફા ઝિકોએ હેડર વડે ગોલ કરતા ઈજિપ્તે બરાબરી કરી. સાલાહે ઝિકોના પાસને ગોલમાં ધકેલતા તે ઈજિપ્ત માટે સૌથી વધુ ગોલ કરવાના કોચ હોસમ હસનના રેકોર્ડની બરાબરી કરવાથી માત્ર એક ગોલ દૂર રહ્યો. ઈજિપ્તનો ત્રીજો ગોલ 82મી મિનિટે ટ્રેઝેગ્યુએટના હેડરથી થયો. ઈજિપ્તે બેલ્જિયમ સામેની પોતાની પહેલી મેચ 1-1થી ડ્રો કરી હતી. ન્યુઝીલેન્ડે પણ ગ્રુપ જીની પોતાની પહેલી મેચમાં ઈરાન સામે બે વાર લીડ લીધી હતી, પરંતુ અંતે 2-2થી ડ્રો રહી હતી.

## અનુસંધાન... પાના પહેલાનું

### એસીમાં વિસ્ફોટને...

આગ પર કાબૂ મેળવવા અને અંદર ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે કલાકો સુધી મહેનત કરી હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક અહેવાલો મુજબ એસી મશીનમાં ધડાકાને કારણે આગ લાગી હતી.

### આઠ વિદ્યાર્થીઓ...

આ ભીષણ ઘટના દરમિયાન આઠ વિદ્યાર્થીઓ બિલ્ડિંગ પરથી નીચે કૂદી પડ્યા હતા. લખનૌમાં કૂદી પડેલા વિદ્યાર્થીઓમાંથી બેને ઇજા થઇ હોવાના અહેવાલ છે જેમાં એકની ઇજા ગંભીર મનાય છે.

### ઈરાની તેલ પરના...

વાતચીતે "એક સફળ અંતિમ કરાર માટે સારો પાયો" તૈયાર કર્યો છે. મંત્રણાકારો હવે એ યુદ્ધનો કાયમી અંત લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે ફેબ્રુઆરીના અંતમાં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

### CREDના સ્થાપક...

નેતૃત્વ કરી રહેલા વિલ કેથકાર્ટનું સ્થાન લેશે. વિશ્વભરમાં 3 અબજથી વધુ યુઝર્સ ધરાવતા વોટ્સએપના બિઝનેસ મેસેજિંગ, પેમેન્ટ્સ અને એઆઈ (AI) ફીચર્સના આગામી વિસ્તરણ માટે મેટાએ કુણાલ શાહના બિલ્ડર માઈન્ડસેટ પર ભરોસો મૂક્યો છે. મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે કુણાલ શાહના વૈશ્વિક પરિપ્રેક્ષ્ય અને સાહસિકતાના વખાણ કર્યા છે. કુણાલ શાહે વર્ષ 2018માં 1 મિલિયન ડોલરની પોતાની મૂડીથી CREDની શરૂઆત કરી હતી, જે આજે 17 મિલિયન સભ્યો ધરાવતી મોટી કંપની બની ચૂકી છે. હવે તેઓ વોટ્સએપના આગામી યુગનું નેતૃત્વ કરશે.

### અમેરિકા-ઇરાન...

બાગેર ગાલિબાફ દ્વારા કરવામાં આવ્યું હતું. પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ અને કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ અલ થાનીએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો અને વાટાઘાટોને સુવિધાજનક બનાવી હતી. MoU પર હસ્તાક્ષર થયા બાદ યોજાયેલી આ પ્રથમ હાઈ-લેવલ કમિટીની બેઠક હતી. લેક લ્યુસર્ન સમિટની પૂર્ણાહુતિ બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં મધ્યસ્થીઓએ જણાવ્યું હતું કે ઈરાન, અમેરિકા, પાકિસ્તાન અને કતારના પ્રતિનિધિઓએ આ સમજૂતી હેઠળ થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, હાઈ-લેવલ કમિટી ૬૦ દિવસની અંદર અંતિમ સમજૂતી પર પહોંચવા માટેના રોડમેપ પર સહમત થઈ છે, જે આગળની ટેકનિકલ વાટાઘાટોની તાત્કાલિક શરૂઆત માટે પાયો નાખશે. તેમાં ઉમેરવામાં આવ્યું છે કે, ઘટનાઓ અને ગેરસમજને રોકવા માટે તેમજ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી વ્યાપારી જહાજોના સુરક્ષિત પસાર થવાને સુવિધાજનક બનાવવા માટે MoUમાં નિર્દિષ્ટ સમયગાળા માટે પક્ષકારો વચ્ચે એક સમર્પિત કમ્યુનિકેશન ચેનલ સ્થાપિત કરવામાં આવી છે.

### બ્રિટનના વડાપ્રધાનપદેથી...

સત્તાની વ્યવસ્થિત સોંપણી સુનિશ્ચિત કરવા માટે આગામી પદાધિકારીને પોતાના સંપૂર્ણ અને સ્પષ્ટ સમર્થનની ખાતરી આપી હતી. ગયા અઠવાડિયે એક મહત્વપૂર્ણ પેટાચૂંટણી જીત્યા બાદ સોમવારે હાઉસ ઓફ કોમન્સમાં પરત ફરી રહેલા એન્ડી બર્નહામને ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ (વડાપ્રધાન આવાસ) ખાતે સ્ટારમરનું સ્થાન લેવાની રેસમાં સૌથી આગળ માનવામાં આવી રહ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું કે, હું આ પ્રક્રિયાના ભાગરૂપે મારી દાવેદારી રજૂ કરીશ.

ડાઉનિંગ સ્ટ્રીટના પગથિયા પરથી ભાવુક થઈને સંબોધન કરતા સ્ટારમરે કહ્યું, મારો પક્ષ અત્યારે એ સવાલ પૂછી રહ્યો છે કે આગામી સામાન્ય ચૂંટણીમાં અમારું નેતૃત્વ કરવા માટે શું હું સૌથી યોગ્ય વ્યક્તિ છું? તેમણે ઉમેર્યું, મેં તે સવાલ પર મારી સંસદીય પાર્ટીનો જવાબ સાંભળ્યો છે અને હું તે જવાબનો સદ્ભાવપૂર્વક સ્વીકાર કરું છું. મેં લીધેલો દરેક નિર્ણય મારા વ્હાલા દેશને પ્રથમ સ્થાન આપવા માટે જ રહ્યો છે. આ જ કારણે હું લેબર પાર્ટીના નેતા પદેથી રાજીનામું આપી રહ્યો છું. સ્ટારમરે જણાવ્યું હતું કે તેમણે સોમવારે સવારે કિંગ ચાર્લ્સ તૃતીય સાથે વાત કરીને તેમને આ નિર્ણયની જાણ કરી દીધી છે. તેઓ હવે લેબર પાર્ટીની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટી(NEC) ને તેમના ઉત્તરાધિકારીની પસંદગી માટેનું સમયપત્રક નક્કી કરવા માટે કહેશે, જેમાં ૯ જુલાઈથી નામાંકન શરૂ થશે અને સંસદના ઉનાળુ વેકેશન(જે ૧૭ જુલાઈથી શરૂ થશે) પહેલા આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

### કતારમાં ગેસ ટર્મિનલ...

નથી. રાસ લફાન ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં થયેલા આ વિસ્ફોટને કારણે વૈશ્વિક ઉર્જા બજારોમાં ફરીથી ભારે અરાજકતા સર્જાવાની આશંકા છે, કારણ કે કતાર વિશ્વના અગ્રણી નેચરલ ગેસ ઉત્પાદક દેશોમાંનો એક છે. હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાનના નિયંત્રણને કારણે કતાર પોતાના ગ્રાહકો સુધી સપ્લાય પહોંચાડી શકતું ન હોવાથી તેણે અગાઉ ઉત્પાદન બંધ કરવું પડ્યું હતું.

જોકે, યુદ્ધના કાયમી અંત માટે ચાલી રહેલી વાટાઘાટો વચ્ચે ઈરાને આ વિસ્તારમાં પકડ ઢીલી કરતાં કતારે 21 જૂન, રવિવારની રાત્રે પોતાના નિકાસ ટર્મિનલને ફરી શરૂ કરવાનું કામ શરૂ કર્યું હતું. આ કામગીરી દરમિયાન જ 'બારઝાન' ગેસ સપ્લાય ફેસિલિટીમાં વિસ્ફોટ અને આગ લાગી હોવાનું સરકારી કંપની 'કતારએનર્જી'એ જણાવ્યું છે.

કતારના ગૃહ મંત્રાલયે એક અલગ નિવેદનમાં જણાવ્યું છે કે, આ દુર્ઘટના કામગીરી દરમિયાન થયેલી એક ટેકનિકલ ખામીના કારણે થઈ હતી. જોકે ચોક્કસ તકનીકી કારણો શોધવા તપાસ ચાલુ છે. મંત્રાલયે એ બાબતની ખાસ સ્પષ્ટતા કરી છે કે આ અકસ્માતને કારણે ગેસ કે અન્ય કોઈ પણ પ્રકારનું લીકેજ નોંધાયું નથી.

**ભારતીય દૂતાવાસે હેલ્પલાઇન નંબર જાહેર કર્યા**

દોહા સ્થિત ભારતીય દૂતાવાસે કતારના સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં હોવાનું જણાવ્યું છે અને ભોગ બનનારા પરિવારોને તમામ મદદ પૂરી પાડવાની ખાતરી આપી છે. દૂતાવાસ દ્વારા પ્રભાવિત લોકોની મદદ માટે તાત્કાલિક ધોરણે હેલ્પલાઇન નંબરો: +974-55647502 અથવા +975-55384683 અને ઇમેઇલ આઇડી: cons.doha@mea.gov.in જાહેર કરવામાં આવ્યા છે.

### બ્રિટને દસ વર્ષમાં...

કરી હતી. આ જાહેરાત બ્રિટનના મતદારોએ યુરોપિયન યુનિયન(EU) છોડવાની તરફેણમાં મતદાન કર્યું તેના બીજા જ દિવસે કરવામાં આવી હતી – જે એક અત્યંત મહત્વપૂર્ણ લોકમત હતો અને કેમેરોને તેની વિરુદ્ધમાં જોરશોરથી પ્રચાર કર્યો હતો.

**થેરેસા મે (2016 થી 2019)**

થેરેસા મેએ 2016 થી મે 2019 સુધી સેવા આપી હતી. બ્રિટનને યુરોપિયન યુનિયનમાંથી બહાર લાવવાના તેમના ત્રણ વર્ષના અસફળ પ્રયાસોના અંતે તેમણે પદ છોડ્યું હતું. મે એ યુરોપિયન યુનિયન સાથે છૂટાછેડાની સમજૂતી (ડિવોર્સ ડીલ) સફળતાપૂર્વક કરી લીધી હતી, પરંતુ તેમની પોતાની કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોએ આ સમજૂતીનો સ્વીકાર કરવાનો ઇનકાર કરી દીધો હતો. તેમનો પ્રસ્તાવ સંસદમાં ત્રણ વખત હારી ગયો હતો.

**બોરિસ જોન્સન (2019 થી 2022)**

આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા અને વિવાદાસ્પદ રહેલા બોરિસ જોન્સને યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનના બહાર નીકળવાની પ્રક્રિયાની દેખરેખ રાખી હતી અને કોવિડ-19 મહામારી દરમિયાન દેશનું નેતૃત્વ કર્યું હતું, પરંતુ શ્રેણીબદ્ધ નૈતિક કૌભાંડોએ તેમના વહીવટીતંત્રની છબી ખરડતાં તેમને સત્તા પરથી હટવું પડ્યું હતું. જોન્સન સત્તા પર ટકી રહેવા મથતા રહ્યા, ભલે તેમની સામે એવા આરોપો વધી રહ્યા હતા કે તેઓ પાર્ટીના દાતાઓ સાથે ખૂબ નજીક હતા, તેમણે ગુંડાગીરી અને ભ્રષ્ટાચારના આરોપો ધરાવતા પોતાના સમર્થકોનું રક્ષણ કર્યું હતું, અને મહામારીના લોકડાઉનના નિયમો તોડીને સરકારી ઓફિસમાં યોજાયેલી પાર્ટીઓ અંગે સંસદને ગેરમાર્ગે દોરી હતી.

**લિઝ ટ્રસ (2022)**

નાની સરકાર અને મુક્ત-બજાર અર્થતંત્રના હિમાયતી એવા ઉદારવાદી લિઝ ટ્રસ બ્રિટનના ઇતિહાસમાં સૌથી ટૂંકો કાર્યકાળ ધરાવતા વડાપ્રધાન બન્યા, જ્યારે તેમણે સત્તા સંભાળ્યાના માંડ છ અઠવાડિયા પછી ઓક્ટોબર 2022માં પોતાના રાજીનામાની જાહેરાત કરી. ટ્રસે બ્રિટનની અર્થવ્યવસ્થાને વેગ આપવાના વચન સાથે સર્વોચ્ચ પદ સંભાળ્યું હતું, પરંતુ ટેક્સમાં ભારે કાપ સહિતની તેમની અવિચારી પ્રોત્સાહન યોજના આર્થિક અને રાજકીય અરાજકતા તરફ દોરી ગઈ અને કન્ઝર્વેટિવ પાર્ટીમાં તેમનું સમર્થન સંપૂર્ણપણે ખતમ થઇ ગયું.

**ઋષિ સુનક (2022થી 2024)**

ઋષિ સુનકે 2022માં લિઝ ટ્રસના સ્થાને પદ સંભાળવા માટે પોતાના સાથી કન્ઝર્વેટિવ્સનું સમર્થન મેળવ્યું હતું. તેમણે ફુગાવો (મોંઘવારી) ઘટાડવા, જાહેર આરોગ્ય સેવાઓનો બેકલોગ (બાકી કામો) ઓછો કરવા અને ગેરકાયદેસર રીતે યુકેમાં પ્રવેશતા વળાંકો/સ્થળાંતર કરનારાઓનો પ્રવાહ રોકવાનું વચન આપ્યું હતું. જો કે, તેઓ કન્ઝર્વેટિવ પાર્ટી માટે ચૂંટણી રેટિંગ્સ સુધારી શક્યા નહીં, અને 2024માં તેમની પાર્ટીના બે સદીના ઇતિહાસમાં સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યા બાદ તેમણે પદ પરથી રાજીનામું આપ્યું.

**કીર સ્ટારમર (2024થી 2026)**

કીર સ્ટારમર 2024માં પ્રચંડ બહુમતી સાથે ચૂંટણી જીતીને સત્તા પર આવ્યા હતા. તેમણે અર્થતંત્ર અને કથળેલી જાહેર સેવાઓને ફરીથી મજબૂત કરવાનું તેમજ રાજકારણમાં જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનું વચન આપ્યું હતું. તેઓ બ્રિટનમાં છેલ્લા 14 વર્ષમાં પ્રથમ લેબર પાર્ટીના વડાપ્રધાન હતા. લગભગ બે વર્ષ પછી, તેમણે સ્વીકાર્યું કે તેમની પોતાની પાર્ટી પણ હવે એવું નથી માનતી કે તેઓ આપણને આગામી સામાન્ય ચૂંટણી તરફ દોરી જવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે.

### મને મારા પુત્ર પાસે...

કોલ મળ્યા બાદ માતા-પિતા અને સંબંધીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કેટલીક મહિલાઓ પોલીસ કર્મચારીઓને બિલ્ડિંગની અંદર જવા દેવા માટે આજીજી કરતી જોવા મળી હતી. મુઝે જાને દો અપને બેટે કે પાસ એક વ્યાકુળ મહિલા વારંવાર રડતા-રડતા અધિકારીઓને વિનંતી કરી રહી હતી. તેની ચીસો જાણે એમ્બ્યુલન્સની સાયરનો કરતા પણ વધુ પડઘાતી હતી.

સૌથી ભયાનક ક્ષણોમાંની એક એ વીડિયો દ્રશ્યોમાં કેદ થઈ હતી જેમાં એક વિદ્યાર્થી આગની જ્વાળાઓથી બચવા માટે ઉપરના માળેથી કૂદતો દેખાય છે. નીચે ઉભેલા લોકોએ તેનો જીવ બચાવવા માટે ઝડપથી ગાદલા જેવી વસ્તુ ફેલાવી દીધી હતી, જેના કારણે તેનો બચાવ થયો હતો. ત્યારબાદ સ્થાનિકોએ તરત જ તે વિદ્યાર્થીને ત્યાંથી ખસેડ્યો અને તબીબી સહાયની વ્યવસ્થા કરી. જ્યારે ફાયર ફાઈટરો આગ પર કાબૂ મેળવવા મથામણ કરી રહ્યા હતા, ત્યારે આસપાસની ઇમારતોના રહેવાસીઓ પણ મદદ માટે આગળ આવ્યા હતા. અસરગ્રસ્ત બિલ્ડિંગની પાછળ રહેતા લોકોએ બચાવ કામગીરીમાં લાગેલા ફાયર ફાઈટરોને પાણીની બોટલો પૂરી પાડી હતી. ફાયર ફાઈટરો બાજુની ઈમારત પર પહોંચ્યા અને ઉપરના માળેથી અસરગ્રસ્ત બિલ્ડિંગમાં પ્રવેશવા માટે બે રસ્તા બનાવ્યા, અને અંદરથી સઘન સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચાલુ રાખ્યું. ધીરજ મહેરા તેમના સહકર્મી આદિત્ય શ્રીવાસ્તવનો ગભરાટભર્યો ફોન આવ્યા બાદ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આદિત્ય ત્રીજા માળે આવેલા ગેમિંગ ઝોનમાં 3D આર્ટિસ્ટ તરીકે કામ કરે છે. મહેરાએ યાદ કરતા કહ્યું, તેણે મને ફોન કરીને કહ્યું 'મને બચાવી લો' , અને હું તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યો. બચાવ કાર્ય પછી હોસ્પિટલોમાં અને શબઘરમાં કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.

### લખનૌમાં કોમર્શિયલ...

કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી (KGMU)ના ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા. તેમાંથી ૧૫ લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે પાંચ ઘાયલ વ્યક્તિઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે અને તેમની સ્થિતિ સ્થિર છે, તેમ KGMU ના પ્રોફેસર કે. કે. સિંહે જણાવ્યું હતું.

ટ્રોમા સેન્ટરના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. અનિલ અગ્રવાલે જણાવ્યું હતું કે, બે બાળકોને ઉપરથી કૂદવાને કારણે પીઠમાં ઈજા થઈ હતી, તેથી સીટી સ્કેન અને અન્ય જરૂરી પ્રક્રિયાઓ બાદ તેમની પણ સારવાર કરવામાં આવી રહી છે. બચાવ કામગીરી દરમિયાન લોકોને બહાર કાઢવામાં આવતા જોવામાં આવ્યા હતા, જેમાં કેટલાક મૃતદેહોને બોડી બેગમાં અને અન્યને ધાબળામાં લપેટીને લઈ જવામાં આવી રહ્યા હતા. ભોગ બનેલા લોકોને નજીકની એક ઈમારતની અગાશી પરથી બહાર લાવવામાં આવ્યા હતા, જ્યાં બચાવ ટુકડીઓએ આગ ચાલુ હોવા છતાં ઈમારતમાં પ્રવેશ મેળવવા માટે દીવાલમાં બે મોટા ગાબડાં પાડ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમની અલીગઢ મુલાકાત ટૂંકાવી દીધી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરવા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક, જેઓ બચાવ કામગીરી ચાલી રહી હતી ત્યારે જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા, તેમણે જણાવ્યું હતું કે બાળકો ઉનાળાના વેકેશન દરમિયાન આ સેન્ટરમાં એનિમેશન શીખવા આવ્યા હતા. પાછળથી, આંખોમાં આસુ સાથે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે તેમણે ઘટનાસ્થળે ૧૪ મૃતદેહો જોયા હતા. તેઓ આપણા બાળકો હતા. આ ખૂબ જ દુ:ખદ ઘટના છે એમ તેમણે કહ્યું. પાઠકે ઉમેર્યું કે આગ લાગવાનું કારણ જાણવા અને આ ઘટના કેવી રીતે બની તે નક્કી કરવા માટે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. કડક કાર્યવાહી કરવામાં આવશે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને એમ તેમણે જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને કોંગ્રેસના નેતાઓ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ આ જાનહાનિ અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાને PMNRFમાંથી પ્રત્યેક મૃતકના વારસદારોને ૨ લાખની ઉચ્ચક સહાય આપવાની જાહેરાત કરી છે. જ્યારે ઘાયલોને ૫૦,૦૦૦ ની સહાય આપવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે પરંતુ ઈમારતમાં હજી પણ ધુમાડો ભરાયેલો છે. ફાયર ફાઈટરો અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ના જવાનો ઈમારતની અંદર રૂમ-ટુ-રૂમ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા. NDRF, SDRF અને સિવિલ ડિફેન્સની ટીમો આ સમગ્ર બચાવ કામગીરીમાં જોડાઈ હતી.

**દિવાલ તોડીને બચાવ ટીમ અંદર પ્રવેશી**

અતિશય ધુમાડાને કારણે બચાવ કામગીરીની ટીમ મુખ્ય રસ્તેથી અંદર પ્રવેશી શકી નહીં. દીવાલ તોડીને કર્મચારીઓ અંદર ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

**આગથી બચવા ગ્રીલ પકડીને લટકી રહ્યો**

આગની ભીષણ જ્વાળાઓ અને ગૂંગળાવી દેતા ધુમાડાથી બચવા માટે તે વ્યક્તિ બારીની ગ્રીલ પકડીને બહાર લટકી ગયો હતો, પરંતુ અંદરથી આવી રહેલી પ્રચંડ આંચ અને ધુમાડાને કારણે તે વધુ સમય ટકી શક્યો નહીં અને ઈમારત પરથી નીચે પડી ગયો. તેનો જીવ બચી ગયો છે, જોકે નીચે પડવાને કારણે તેની કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ છે. હાલમાં હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે.

### દિલ્હી ડાયરી...

રાષ્ટ્રીય સુરક્ષા માટે હોય છે, દેખાડા કે નૌટંકી કરવા માટે નહીં.

આ અધિકારીએ એ વાત તરફ પણ ધ્યાન દોર્યું હતું કે, જો કેન્દ્ર સરકાર આ અભૂતપૂર્વ પગલું ભરે છે તો તેનો અર્થ એ થશે કે દેશમાં નાગરિક મશીનરી સંપૂર્ણપણે પડી ભાંગી છે તેનો આ સ્વીકાર છે.

**દિલ્હી જિમખાના ક્લબ વિવાદ**

રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રતિષ્ઠિત દિલ્હી જિમખાના ક્લબને સરકાર દ્વારા ખાલી કરાવવાની ધમકી અંગે ગરમાગરમ ચર્ચાઓ ચાલી રહી છે. કેટલાક સભ્યો, જેમને ડર છે કે, પોતાની વર્ષોજૂની પસંદગીની જગ્યા છીનવાઈ શકે છે.